ક્રમાંક:રાપબો/સ્પે.ટેટ-૨/૨૦૨૩/17377
રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા.17/૧૧/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) અત્રેની કચેરીના તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬

(૨) નામ. ગુજરાત હાઈકોર્ટમાં SCA No 16040/2023

(૩) તજજ્ઞ સમિતિનો તા.૦૫/૧૦/૨૦૨૩ નો અહેવાલ

(૪) તા.૩૦/૧૦/૨૦૨૩ ની સિંગલ ફાઈલ પર માન.સચિવશ્રી, (પ્રા. અને મા. શિક્ષણ) મળેલ મંજુરી

વિષય: "(સ્પેશયલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩" બાબત.

**કચેરી આદેશ:-**

નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઇલ નં.૧/૨૦૨૩ના અનુસંધાને શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સીસી-૬૮૭/ક તા. ૧૩-૦૨-૨૦૨૩થી સરકારી પ્રાથમિક શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટેના ખાસ શિક્ષકોની જગ્યા (CP, H.I./S.I., M.D, SLD, I.D/M.R., T.B/ L.V, ASD ની દિવ્યાંગતા કેટેગરી) માટે TET પરીક્ષાનું આયોજન કરવા રાજ્ય પરીક્ષા બોર્ડને સુચના આપવામાં આવેલ છે.

શિક્ષણ વિભાગના ઉક્ત પત્રની વિગતે ઉચ્ચ પ્રાથમિક શાળા(ધોરણ ૬ થી ૮)માં ખાસ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની યોગ્ય લાયકાત મેળવવા આવશ્યક ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II પરીક્ષા યોજવા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

સંદર્ભ-૧ થી અત્રેની કચેરીના તા.૧૭/૦૨/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક:રાપબો/Sp.TET-II/૨૦૨૩/૧૮૮૦-૧૯૬૬ થી (સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩ નું આયોજન કરવા માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતુ.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૫/૫/૨૦૨૩ ના રોજ SP.TET-2 ની પરીક્ષા લેવામાં આવેલ હતી. આ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ વિદ્યાર્થીઓની OMR કચેરીની વેબસાઈટ www.sebexam.orgપર

મુકવામાં આવેલ હતી.પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૩૧/૦૫/૨૦૨૩ ના રોજ કચેરીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી અને આ પરીક્ષાના પ્રશ્નપેપરના કોઈ પ્રશ્ન/પ્રોવિઝનલ આન્સર કીનાં ઉત્તર સામે ઉમેદવાર રજૂઆત કરવા માગતા હોય તો ઓનલાઈન પોર્ટલ પર તા.૦૧/૦૬/૨૦૨૩ થી તા.૦૬/૦૬/૨૦૨૩ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે અત્રેની કચેરીના પોર્ટલ Sp.TET-II માટેhttps://teiox.com/Sp.TET-II/પર મોકલી આપવા સૂચના આપવામાં આવેલ હતી.

ઉમેદવારો દ્વારા પેપરના કોઈ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજૂઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકાસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઈનલ આન્સર કી તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ કચેરીનીવેબસાઈટ www.sebexam.orgપર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા:03/0૭/૨૦૨૩જાહેરનામાં ક્રમાંક:રાપબો/SEC/Sp.TET-II/૨૦૨૩/૯૫૬૨-૯૬૫૨ થી "(સ્પેશ્યલ એજ્યુકેટર) ખાસ શિક્ષક યોગ્યતા કસોટી-II (Sp.TET-II)-૨૦૨૩નું નું પરીણામનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

સંદર્ભ-૨ થી નામ. ગુજરાત હાઈકોર્ટમાં SCA No 16040/2023 પીટીશન થયેલ છે. હાઈકોર્ટની પીટીશન બાદ SP.TET-2 કેટેગરી A ના પ્રશ્ન નં-૯, ૨૦, ૨૬ અને ૧૪૩ ના ફાઈનલ આન્સર-કી ઉત્તર બાબતે સંદર્ભ-3થી રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પૂન:તજજ્ઞોની ટીમ બોલાવી તેમના અભિપ્રાયો મંગાવવામાં આવ્યા હતા. તજજ્ઞોના અભિપ્રાય મુજબ પ્રશ્ન નં-૯, ૨૦, ૨૬ માં બોર્ડ દ્વારા અપાયેલ ઉત્તરો યોગ્ય છે તેમ જણાવેલ હતું. પ્રશ્ન નં- ૧૪૩ માટે પ્રશ્નના વિકલ્પોમાં પ્રિન્ટીંગ ભૂલ હોવાથી ગ્રેસ ગુણ આપવા ભલામણ કરવામાં આવી હતી. સરકારી વકીલશ્રીના તા.૨૫/૧૦/૨૦૨૩ના પત્રમાં મુદ્દા નં-૪માં જણાવેલ છે કે તજજ્ઞોના અભિપ્રાય મુજબ તમામ ઉમેદવારોને પ્રશ્ન નં-૧૪૩ માં ગ્રેસ ગુણ આપી આનુસાંગિક કાર્યવાહી કરવી. હાઈકોર્ટના સરકારી વકીલશ્રીના તા.૨૫/૧૦/૨૦૨૩ના પત્ર મુજબ તેમજ તજજ્ઞોની ટીમના અહેવાલ અને સંદર્ભ-૪ થી મળેલ મંજુરીથી તમામ કેટેગરીના આ પ્રશ્નમાં તમામ ઉમેદવારોને એક ગુણ ગ્રેસ આપવાનો નિર્ણય કરવામાં આવે છે. આ સુધારા મુજબ જે ઉમેદવારે આ પ્રશ્નનો ૧ ગુણ મળેલ જ હતો. તે સિવાયના ઉમેદવારોને આ પ્રશ્નનો ૧ ગુણ ગ્રેસ આપવામાં આવે છે.

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર